# અરવલ્લી-સાબરકાંઠાના અંતરિયાળ વિસ્તારોમાં સસ્તા અનાજના સંચાલકોએ માનવતા નેવે મૂકી

## અનાજનો જથ્થો ઓછો આપતા હોવાની બૂમો ઉઠી

સમગ્ર વિશ્વ બાદ ભારત દેશમાં પણ કોરોના વાયરસનો કહેર જોવા મળી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૧ દિવસ માટે



દેશમાં લોકડાઉન જાહેર કર્યું છે. જો કે લોકડાઉનમાં જે લોકો રોજ કમાઈને રોજ ખાઈ રહ્યા છે તેવા પરિવારને કોઈ તકલીફના પડે તે માટે સરકાર દ્વારા રેશનિંગનું દુકાનો પણ બીપીએલ કાર્ડ ધારકોને મફતમાં અનાજ આપવાનુ નક્કી કર્યું છે. અનાજ આપવાનુ શરૂ થાય જ વહેલી સવારથી જ રેશનિંગની દુકાનો પર લાંબી કતારો જોવા મળી રહી છે. બીજી તરફ કેટલાક દુકાનદારો માટે જાણે કે આ કમાવવાની સીઝન શરૂ થઈ ગઈ હોય તેમ આ પરિસ્થિતિમાં પણ લોકોને છેતરવાનુ બંધ નથી કર્યું અને વજનમાં ગોલમાલ કરી છેતરપીંડી કરી રહ્યા છે.

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના અંતરિયાળ વિસ્તારમાં ગરીબ અને અભણ પ્રજા સાથે કેટલાક સસ્તા અનાજ દુકાનના સંચાલકો નિયત જથ્થા કરતા ઓછો આપી છેતરપિંડી કરી રહ્યા હોવાની સાથે જવાબદારતંત્ર આવા લેભાગુ સંચાલકોને છાવરી રહી હોવાની બૂમો ઉઠી રહી છે. બંને જિલ્લામાં આદિવાસી વિસ્તારોમાં ભોળી પ્રજાજનો સસ્તા અનાજનો જથ્થો સામાન્ય દિવસોમાં કેટલાક દુકાનદારો બરોબર સગેવગે કરતા હોવાની બૂમો ભૂતકાળમાં અનેકવાર ઉઠી છે ત્યારે કોરોનાની મહામારીમાં ગરીબો અને શ્રમિકોની મજૂરી છીનવાતા હાલત દયનિય બની છે, બીજી બાજુ સરકાર તરફથી રાહત રૂપે મળેલ અનાજના જથ્થામાં પણ કેટલાક લાલચુ વેપારીઓની માનવતા મરી પરવારી હોય તેમ અનાજનો જથ્થો ઓછો આપી બારોબારીયું કરતા વેપારીઓ સામે જવાબદાર તંત્ર દ્વારા સસ્તા અનાજની દુકાનો પરથી વિતરણ થતા જથ્થામાં ગોલમાલ કરતા સંચાલકો સામે લાલ આંખ કરે તે ખુબ જરૂરી બન્યું છે.



## ભિલોડા ગ્રામ પંચાયત કચેરી દ્વારા ઠેર-ઠેર સેનીટાઈઝેશન

ભિલોડા ગ્રામ પંચાયત કચેરી ધ્વારા મેઈન બજારોમાં અને હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં ઠેર-ઠેર સેનીટાઈઝેશન કરાયું હતું. ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અંબિકાબેન ગોરધનભાઈ ગામેતી,તલાટી કમ મંત્રી ગોપાલભાઈ ભટ્ટ, ક્લાર્ક ભુપેશભાઈ રાઠોડ, ગ્રામ પંચાયતના સભ્યો, સ્ટાફ પરીવાર ધ્વારા કોરોના વાઈરસની મહામારી વચ્ચે વિવિધ વિસ્તારોમાં સેનીટાઈઝેશન અને દવા છંટકાવની સફળ કામગીરી કરાઈ હતી.

# ધાનેરામાં મહેશ પ્રોવિઝન નામની દુકાન અને ગોડાઉનના સીલ ખોલી દેતા અનેક સવાલો ઊભા થયા

ધાનેરામાં મહેશ પ્રોવિઝન નામની દુકાનદાર આવા કપરા સમયે લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યો હતો અને લોકોને એક્સપાયર ડેટ વાળું તેલ આપી રહ્યો હતો ત્યારે લોકો અને મીડિયાની રજૂઆત બાદ પાલિકાનું સ્થાનિક તંત્ર એ તેની દુકાને પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને દુકાનમાંથી એકપાઈર ડેટ વાળું તેલ પણ મળી આવ્યું હતું ત્યારે પાલિકાએ તેલ અને ગુટકા સહિતનો જથ્થો જપ્ત કરી દુકાન અને ગોડાઉનને સીલ માર્યા હતા પરંતુ આ શીલ બે દિવસમાં ખુલી જતા લોકોમાં અનેક સવાલ ઉભા થયા છે નગરપાલિકા સીલ માર્યા બાદ બીજા દિવસે નગરપાલિકાના કર્મચારીઓએ આવી શીલ ખોલે છે ત્યારે લોકો તંત્ર સામે પણ શંકાની સોય સેવી રહ્યા છે તો બીજી તરફ દુકાનદાર બડાશ મારી રહ્યા છે કે મારે ઉપરી અધિકારીઓ તેમજ રાજકીય સેટિંગ હોવાથી કોઈ મારું કશું જ બગાડી શકે તેમ નથી વધુમાં આ દુકાનદાર રહેણાક વિસ્તારમાં ગોડાઉન પણ ધરાવે છે રહેણાક વિસ્તારના લોકો દ્વારા તંત્રને વારંવાર રજુઆત કરવામાં આવી છે છતાં પણ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં નથી આવી ત્યારે આ દુકાન અને ગોડાઉનના સીલ ખોલી જતા આ વિસ્તારના લોકોએ પણ ચિમકી ઉચ્ચારી છે કે જો તંત્ર કાયદેસરની કાર્યવાહી નહીં કરે તો અમારે આખરે છેલ્લે કોર્ટના દ્વાર ખખડાવાવ પડશે ત્યારે હવે જોવાનું એ રહે છે કે ઉચ્ચ લાગવગ ધરાવતો દુકાનદાર પોતાની લાગવગ ના આધારે દુકાને ગોડાઉન ફરી ધમધમતા કરે છે કે પછી લોકો કોર્ટના દ્વાર ખખડાવે છે તે તો સમય બતાવશે.



## મુલોજનાં ૫૫ વર્ષીય શંકાસ્પદ દર્દીનો કોરોનાનો રિપોર્ટ નેગેટિવ

# ૫૫ વર્ષીય દર્દીનું મોત નિપજતા આરોગ્ય તંત્રએ અંતિમવિધિમાં તકેદારી રાખી

રાજ્યમાં કોરોના વાયરસથી સંક્રમિતોની સંખ્યા વધીને ૧૨૨ થઈ ગઈ છે. કોરોના ૧૧ લોકોને ભરખી ગયો છે, અરવલ્લી ૧૮ જેટલા કોરોનાના શંકાસ્પદ લક્ષણો દેખાતા



દર્દીઓના સેમ્પલ લેવામાં આવ્યા હતા. તમામ દર્દીઓના કોરોના રિપોર્ટ નેગેટિવ આવતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. મોડાસાની ખાનગી હોસ્પિટલમાં મુલોજ ગામના ૫૫ વર્ષીય દર્દીને ન્યુમોનિયાની સારવાર દરમિયાન કોરોનના શંકાસ્પદ લક્ષણો જણાતા શનિવારે દર્દીના સેમ્પલ પરીક્ષણ માટે મોકલાયા હતા. શંકાસ્પદ કોરોનના લક્ષણો ધરાવતા દર્દીનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. આરોગ્ય વિભાગે તકેદારીના ભાગરૂપે અંતિમવિધિ દરમિયાન ઉપસ્થિત રહેતા લોકોમાં ભારે કુતુહુલ સર્જાયું હતું રવિવારે મૃતક દર્દીનો કોરોનાનો રિપોર્ટ નેગેટિવ આવતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર, આરોગ્ય વિભાગ અને પોલીસતંત્ર કોરોનાના સંક્રમણને રોકવા માટે ખડેપગે કામગીરી કરી રહ્યું છે. હજુ સુધી જીલ્લામાં એકપણ દર્દી કોરોના પોઝેટીવ દર્દી નથી એ તંત્ર અને જિલ્લાવાસીઓ માટે રાહતનો શ્વાસ છે.

મોડાસા તાલુકાના મુલોજ ગામના ૫૫ વર્ષીય વ્યક્તિને તાવ-શરદી, ખાંસી અને તાવના લક્ષણો જણાતા મોડાસા શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલતી હોવા છતાં દર્દીની તબિયતમાં સુધારો ન જણાતા શનિવારે આરોગ્યતંત્રે શંકાસ્પદ કોરોનાના લક્ષણો જણાતા દર્દીના સેમ્પલ લીધા હતા. શનિવારે દર્દીનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. આરોગ્ય વિભાગે મૃતકનો કોરોનાનો રિપોર્ટ બાકી હોવાથી મુલોજ ખાતે વતનમાં મૃતકની અંતિમવિધિમાં ઉપસ્થિત રહી સરકારની ગાઈડલાઈન મુજબ અંતિમવિધિ કરવામાં આવતા લોકોમાં ભય સાથે ફફડાટ ફેલાયો હતો. મૃતકના પરિવારજનોનું પણ સ્કીનિંગ કર્યું હતું. રવિવારે મૃતકનો રિપોર્ટ નેગેટિવ આવતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

# મોડાસામાં લોકડાઉનમાં પાન-મસાલાનું વેચાણ કરતા વેપારીઓ સામે એલસીબીની લાલ આંખ

મોડાસા, તા. ૫ નોવેલ કોરોના વાયરસ પ્રસરવાની સાથે કેન્દ્ર સરકારે



લોકડાઉનની જાહેરાત કરતા જીવનજરૂરિયાત ચીજ વસ્તુઓના વેચાણ સિવાય તમામ ધંધા-રોજગાર પર તાળા લાગી ગયા છે. મોડાસા શહેર સહીત જિલ્લામાં પાન-મસાલા, ગુટખા અને માવાના વ્યસનીઓ બેબાકળા બન્યા છે, પાન-મસાલા ગુટખા અને માવાના કાળાબજારનો ધંધો શરુ થઈ ગયો છે. નશાના બંધાણીઓ ત્રણથી ચાર ગણા ભાવ ચૂકવી નશાને પોષી રહ્યા છે. મોડાસા માર્કેટયાર્ડમાં અને શહેરમાં પાન-મસાલા અને ગુટખાના હોલસેલ વેપારીઓ તંત્રની આંખમાં ધૂળ નાખી ધૂમ વેચાણ કરી રહ્યા છે. મોડાસા શહેરમાં પાન-મસાલાનું લોકડાઉનમાં વેચાણ કરતા બે વેપારીઓને જિલ્લા એલસીબી પોલીસે દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લા એલસીબી પી.આઈ. મનીષ વસાવા અને તેમની ટીમે મોડાસા શહેરમાં કેટલાક વેપારીઓ લોકડાઉનના સમયમાં ગેરકાયદેસર દુકાન ખુલ્લી રાખી જીવનજરૂરિયાત ચીજવસ્તુઓની આડમાં પાન-મસાલા ગુટખા અને માવાનું વેચાણ કરી રહ્યા હોવાની માહિતી પ્રાપ્ત થતા મોડાસા માર્કેટયાર્ડમાં રામદેવ જનરલ સ્ટોરમાં ત્રાટકી પાન-મસાલા ગુટખા તમાકુનું વેચાણ કરતા પરશુરામ જેઠાનંદ શાહ (રહે. અમરદીપ સોસાયટી) નામના વેપારીને રૂ.૫૦૭૫ ના મુદ્દામાલ સાથે દબોચી લીધો હતો. મોડાસાની સાબલીયા એસ્ટેટમાં આવેલ શિફા જનરલ સ્ટોર્સમાં પાન-મસાલા ગુટખાનું વેચાણ કરતા ઉસ્માન સાદીકભાઈ સિંધવાને રૂ. ૭૮૨૪ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી બંને વેપારીઓ સામે જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા ભંગ બદલ અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા શહેરમાં ગલીએ ગલીએ પાન પાર્લરની દુકાનો આવેલી છે. લોકડાઉનના સમયમાં તમામ દુકાનો બંધ રહેતા કેટલાક પાર્લર માલિકોએ પાન-મસાલા અને ગુટખાનો ત્રણ-ચાર ગણો ભાવ લઈ ઘરેથી વેચાણ કરી રહ્યા છે તો જીવનજરૂરિયાત ચીજવસ્તુઓની આડમાં કેટલાક લેભાગુ વેપારીઓ ખુલ્લેઆમ પાન-મસાલા, ગુટખા તમાકુનું ધૂમ વેચાણ કરી રહ્યા હોવા છતાં અગમ્ય કારણોસર મોડાસા ટાઉન પોલીસ આંખ આડે કાન કરતા જીલ્લા એલસીબી પોલીસને બાતમી મળતા રેડ કરી સતત બીજા દિવસે મોડાસા શહેરમાં પાન-મસાલાનું લોકડાઉનમાં વેચાણ કરતા બે વેપારીઓને જિલ્લા એલસીબી પોલીસે દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લા એલસીબી પી.આઈ. મનીષ વસાવા અને તેમની ટીમે મોડાસા શહેરમાં કેટલાક વેપારીઓ લોકડાઉનના સમયમાં ગેરકાયદેસર દુકાન ખુલ્લી રાખી જીવનજરૂરિયાત ચીજવસ્તુઓની આડમાં પાન-મસાલા ગુટખા



અને માવાનું વેચાણ કરી રહ્યા હોવાની માહિતી પ્રાપ્ત થતા મોડાસા બસ સ્ટેન્ડ વિસ્તારમાં સતત પોલીસતંત્ર અને વહીવટીતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓની અવર-જવર વચ્ચે બિન્દાસ્ત છગનલાલ મલજીરામ જનરલ સ્ટોર્સમાં ત્રાટકી પાન-મસાલા ગુટખા તમાકુના ૧૯૦ પેકેટ કિં. રૂ. ૨૧૦૬૫ સાથે વેચાણ કરતા છગનલાલ મલજીરામ શાહ (રહે. રામપાર્ક સોસાયટી) નામના વેપારીને દબોચી લીધો હતો. મોડાસાના ગાંધીવાડા વિસ્તારમાં આવેલ શ્રીનાથજી પ્રોવિઝન સ્ટોરમાં પાન-મસાલા ગુટખાનું વેચાણ કરતા સંજય ઈન્દુલાલ પરીખ ને રૂ.૬૩૩ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી બંને વેપારીઓ સામે જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા ભંગ બદલ અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# વડાલી યુ.જી.વી.સી.એલ. કચેરી દ્વારા કરીયાણાની કીટનું વિતરણ કરાયું



કોરોના વાઈરસની મહામારી વચ્ચે સમગ્ર દેશભરમાં લોકડાઉનની સ્થિતી દરમ્યાન ધંધા-રોજગાર સંપુર્ણ બંધ થઈ ગયા છે.શ્રમજીવીઓ રોજનું કમાઈને રોજે રોજ પેટીયું રળતા પરીવારોની હાલત અત્યંત દયાજનક છે.વડાલી યુ.જી.વી.સી.એલ. કચેરી ધ્વારા કરીયાણાની કીટનું જરૂરીયાતમંદ પરીવારોને વિતરણ કરાયું હતું.વડાલી યુ.જી.વી.સી.એલ. કચેરી ધ્વારા વડાલી પંથકના વિવિધ વિસ્તારોમાં જરૂરીયાતમંદ પરીવારોને કરીયાણાની કીટનું વિતરણ કર્યું હતું.યુ.જી.વી.સી.એલ. સંકટના સમયે જરૂરીયાતમંદ પરીવારોની વ્હારે આવતા સર્વત્ર આનંદની લાગણી પ્રસરી હતી.

# ધાનેરાના સેવાભાવી કિશોરભાઈ રાવ દરરોજ બે હજાર કરતાં વધુ લોકોને ભોજન આપે છે

અત્યારે સમગ્ર દેશ લોકડાઉન છે સમગ્ર બજાર પણ બંધ છે ત્યારે જે લોકો દરરોજ કમાતા અને દરરોજ ખાતા તેવા લોકોની હાલત ખૂબ જ કફોડી બની ગઈ છે ત્યારે વિવિધ સંગઠનો આવા લોકોને ભોજન આપતાં હોય છે સેવા સંગઠન તો લોકોને ભોજન આપતાં હોય છે પરંતુ ધાનેરાના સેવાભાવી કિશોરભાઈ રાવ પોતે



એકલા હાથે દરરોજ બે હજાર કરતા વધુ લોકોને જમવાનું પૂરું પાડી રહ્યા છે કિશોરભાઈ રાવ અને તેમની ૫૦ વ્યક્તિ કરતાં વધુ ની ટી લોકોને ઘરે ઘરે જઈ ભોજન આપી રહ્યા છે મીડિયા સાથેની વાતચીતમાં કિશોરભાઈએ જણાવ્યું હતું કે જ્યાં સુધી લોકડાઉન ની પરિસ્થિતિ રહેશે ત્યાં સુધી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ભોજન પૂરું પાડીસ મધ્યમ અને ગરીબ વર્ગના લોકોની સાથે સાથે જે લોકોની સેવા બજાવી રહ્યા છે તેવા તમામ કર્મચારીઓને દિવસમાં ત્રણ ટાઈમ ચા તેમજ નાસ્તો આપવાનું કાર્ય પણ આ કિશોરભાઈ કરી રહ્યા છે વહેલી સવારથી જ તમામ કર્મચારીઓ જેવા કે આરોગ્ય કર્મચારી પોલીસ સ્ટાફ સહિતના તમામ કર્મચારીઓને ચા-નાસ્તાની પણ આપવામાં આવી રહ્યો છે ત્યારે કિશોરભાઈ ની કામગીરી તે ધાનેરા લોકો પણ બિરદાવી રહ્યા છે.

# ડીસાની જલારામ ભોજનાલયમાં ડીસા માર્કેટયાર્ડ દ્વારા ૨.૫૧ લાખનું દાન અપાયું

ડીસા

લોકડાઉન દરમિયાન ડીસા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના ૧૦ હજારથી વધુ લોકોને સવાર અને સાંજ ઘરે બેઠા ભોજન પુરૂ પાડતી જલારામ ટ્રસ્ટ સંચાલિત ભોજનાલયને ડીસા માર્કેટયાર્ડ દ્વારા ૨.૫૧ લાખ રૂપિયાનું માતબર દાંન આપવામાં આવ્યું હતું.

જલારામ મંદિર ટ્રસ્ટ સંચાલિત ભોજનાલયમાં લોકડાઉન દરમિયાન ગરીબ અને જરૂરિયાત મંદ લોકોને સવાર અને સાંજે સમયસર ભોજન મળી રહે તે માટે સંસ્થા દ્વારા સેવાયજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં દૈનિક ૧૦ હજારથી વધુ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને ભોજન પીરસવામાં આવી રહ્યું છે. ત્યારે રવિવારે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને રબારી સમાજના આગેવાન એ જલારામ ભોજનાલયની રૂબરૂ મુલાકાત લઈ સેવાકીય પ્રવૃતિઓને બિરદાવી હાલમાં ચાલી રહેલ સેવાયજ્ઞ માં એક દિવસના ભોજન દાતા તરીકે રૂપિયા બે લાખ એકાવન હજાર જેટલું માતબર દાન આપ્યું હતું. આ પ્રસંગે ઠક્કર સમાજ ના આગેવાન સમાજના આગેવાનો અને યુવાનો હાજર રહ્યા હતા.



## ધનસુરાના નવી શિણોલમાં ખેતરમાં અચાનક આગ લાગતા ઉભો પાક બળીને ખાખ

ધનસુરા તાલુકાના નવી શિણોલમાં કુદરત રૂઠી હોય તેમ સવા વીઘાના ખેતરમાં વાવેલ ઘઉંના ખેતરમાં આગ લાગતાં ઉભો પાક બળીને ખાખ થઈ ગયો હતો. ધનસુરા તાલુકાના નવી શિણોલમાં શનિવારના રોજ બપોરે અચાનક ખેતરમાં આગ લાગી હતી. આગ એકાએક ઘઉંના ઉભા સુકા પાકમાં પ્રસરતાં ઉભો પાક બળીને ખાખ થઈ ગયો હતો. આગને પગલે આસપાસમાંથી ખેડૂતોએ આગ ઉપર ‘‘માટી’’નો મારો કર્યો છતાં સમગ્ર ખેતરમાં ઘઉં બળી ગયા હતા. સવા વીઘા જમીનમાં વાવેલ ઘઉંમાં આગ લાગવાને પગલે શિણોલના ખેડૂત પટેલ મગનભાઈ પરભાભાઈએ મહામહેનતે તૈયાર કરેલ પાક નષ્ટ થતાં માથે આભ તુટ્યું હતું. ઉલ્લેખનીય છે કે ખેડૂતોને આ આવી પડેલી આપત્તિમાં કંઈ સરકાર તરફથી વળતર મળે તેવી માંગ થઈ હતી.

## કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

અનૈતિક ગણાતી નથી. શિષ્ટાચાર અને નિતિમત્તા શબ્દો રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચે ત્યાંની સમકાલીન સમાજ વ્યવસ્થા અનુસાર બદલાતા રહે છે.

ભારત જેવા સામાજીક રાષ્ટ્ર અને ભાતીગળ વૈવિધ્ય ધરાવતા દેશોમાં પણ નિતિમત્તાની બાબતમાં વિવિધ્ધ માપદંડો જોવા મળે છે પરંતુ ભારતીય ફોજદારી ધારાની કલમ ૨૯૨(૨) માં અશિષ્ટતા અને બિભત્સતાની વ્યાખ્યા મુજબ એવા કોઈપણ લખાણ, પત્રિકા, રેખાંકન, ચિત્ર રજુઆત એ ગુન્હો ગણાશે જેમાં વાચનાર, સાંભળનાર અને જોનારા વ્યક્તિઓની નિતિમત્તા અને આચાર ભ્રષ્ટ્ર કરે તેવા હોય. તાજેતરમાં રાજય સરકારે જાહેનામા બહાર પાડી આચારસંહિતા અમલમાં મુકી છે તે પાળવી સાંપ્રત સમયમાં દરેક નાગરિકો માટે ફરજીયાત છે.

## અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

પગાર લે છે. ઉપરાષ્ટ્રપતિ ૪૦૦,૦૦૦ રૂપિયા અને વડાપ્રધાન મહિને ૨૦૦,૦૦૦ રૂપિયા તથા દેશના મુખ્ય ન્યાયાધીશ મહિને ૨૮૦,૦૦૦ રૂપિયા પગાર મેળવે છે. મુખ્યમંત્રીઓમાં સૌથી વધુ પગાર તેલંગણના મુખ્યમંત્રીનો મહિને ૪૧૦,૦૦૦ રૂપિયા છે. તેલંગણના ધારાસભ્યોને મહિને પગાર તરીકે ૨૦,૦૦૦ રૂપિયા બતાવે છે, પણ મતવિસ્તાર ભથ્થા પેટે મહિને ૨૩૦,૦૦૦ રૂપિયા આપવા સાથે મહિને ૨૫,૦૦૦ રૂપિયાનું આવાસ ભથ્થું ઉપરાંત અનેક મફત સુવિધાઓ મળે છે. તેલંગણ પછીના ક્રમે દિલ્હીના મુખ્યમંત્રીનો પગાર મહિને ૩૯૦,૦૦૦ રૂપિયા. ગુજરાતના મુખ્યમંત્રી મહિને ૩૨૧,૦૦૦ રૂપિયા અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી મહિને ૩૪૦,૦૦૦ રૂપિયા લે છે. નાગાલેન્ડના મુખ્યમંત્રી સૌથી ઓછો એટલે કે મહિને ૧૧૦,૦૦૦ રૂપિયા પગાર લે છે. આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી મહિને ૩૩૫,૦૦૦ રૂપિયા લે છે. આ બધા ઉપરાંત બંગલા, ગાડીઓ, મફત સુવિધાઓ અને ફાટફાટ થતાં ભથ્થાં તો ખરાં જ. અને આમ છતાં પગારકાપ સ્વીકારવા આગળ આવવામાં પણ ઘણાને સંકોચ છે.

તિખારો

બુદ્ધિઓ કબરોમાં ખૂંપી ગઈ બધી, વૈભવો સૌ ધૂળધાણી થઈ ગયા,
કેટલાં સોહામણાં નાજુક શરીર; મોતની જાણે ઉજાણી થઈ ગયાં.
ઓ જગતના તારકો ઉદ્ધારકો, કૈંક વિચારો કે આ કોનું પાપ છે,
ફેરવી નાંખો મલીન જીવનપ્રવાહ; લેશ પણ હૈયે જો પશ્ચાતાપ છે.
આપણે માનવ મટી દાનવ થયા, ઘોર ખોદી ત્યારના વ્યવહારની,
આ તબાહીને તબાહી ના ગણો; મૂક ચેતવણી છે સર્જનહારની.

-મુસાફિર પાલનપુરી

(‘‘ચેતવણીઃ વિશ્વવ્યાપી વિનાશકારી કોરોના ૨૦૨૦’’: પાલણપુરનિવાસી શાયરે આ લેખકને દૂરભાષ પર ૩ એપ્રિલ ૨૦૨૦ના રોજ સંભળાવેલી તાજી કૃતિની આછેરી ઝલક)

- haridesai@gmail.com